ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(સ્ટેટ યુનિવર્સિટી)

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

(STATE UNIVERSITY)

Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh-362263 (Gujarat)

Ph: 0285-2681400 : www.bknmu.edu.in || academic@bknmu.edu.in

ક્રમાંક : બીકેએનએમયુ/ એકેડેમિક/૧૪૧૦/૨૦૨૬ તા.૨૯–૦૫–૨૦૨૬

વિષય :– પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (પી.ઈ.સી.) બાબત.

પરિપત્ર :–

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સ્થિત અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે કે, જે વિદ્યાર્થી અન્ય માન્ય બોર્ડ(ગુજરાત બોર્ડ સિવાય)/અન્ય યુનિવર્સિટીમાંથી અભ્યાસ પૂર્ણ કરેલ છે અને વર્ષ ૨૦૨૬–૨૭માં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પ્રવેશ મેળવવા ઈચ્છા ધરાવે છે તે વિદ્યાર્થીઓએ અત્રેની યુનિવર્સિટી ખાતેથી પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (પી.ઈ.સી.) કઢાવવું ફરજીયાત છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ માટે જે વિદ્યાર્થીઓ પી.ઈ.સી. મેળવવા માટે ઓનલાઈન વેબ પોર્ટલ https://admission.bknmuerp.in/PECApplicationform.aspx પર ઓનલાઈન અરજી કરી શકશે, તેમજ તે અંગેનું પેમેન્ટ પણ ઓનલાઈન જ કરવાનું રહેશે. વિદ્યાર્થીઓ ફોર્મ તથા ફી ભર્યેથી કામકાજના દિવસ ૩(ત્રણ) દરમિયાન વિદ્યાર્થીએ ઓનલાઈન અરજી સમયે દર્શાવેલ ઈમેઈલ આઈડીમાં ડીઝીટલ પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (પી.ઈ.સી.) જનરેટ કરી મોકલી આપવામાં આવશે. જેથી વિદ્યાર્થીએ પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (પી.ઈ.સી.) મેળવવા માટે યુનિવર્સિટી ખાતે રૂબરૂ ઉપસ્થિત રહેવાનું રહેશે નહી.

યુનિવર્સિટી સંલગ્ન કોલેજ,અનુસ્નાતક કેન્દ્ર, અનુસ્નાતક ભવનમાં અન્ય માન્ય બોર્ડ(ગુજરાત બોર્ડ સિવાય)/અન્ય યુનિવર્સિટીમાંથી અભ્યાસ પૂર્ણ કરેલ છે તેવા વિદ્યાર્થીઓને કોઈપણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તો તેવા વિદ્યાર્થીઓને પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (પી.ઈ.સી.) વિના પ્રવેશ આપી શકશે નહી. વિદ્યાર્થીઓએ સંલગ્ન કોલેજ,અનુસ્નાતક કેન્દ્ર, અનુસ્નાતક ભવન ખાતે પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (પી.ઈ.સી.) રજુ કરાવતા સમયે તમામ અસલ ડોક્યુમેન્ટ સાથે રાખવા જરૂરી છે. વિદ્યાર્થીઓએ રજુ કરેલ તમામ અસલ ડોક્યુમેન્ટની ચકાસણીની જવાબદારી સંલગ્ન કોલેજના આચાર્યશ્રી,અનુસ્નાતક કેન્દ્ર, અનુસ્નાતક ભવનના વડાની રહેશે. વિદ્યાર્થી દ્વારા રજુ કરેલ ડોક્યુમેન્ટમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેની જાણ સત્વરે અત્રેની યુનિવર્સિટીના એકેડેમિક વિભાગને કરવાની રહેશે અને ત્યાર બાદ પ્રવેશ અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

નોંધ :– પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (પી.ઈ.સી.) જનરેટ થયાની તારીખથી ૪૫ દિવસમાં વિદ્યાર્થીએ જે તે બોર્ડ/યુનિવર્સિટીનું માઈગ્રેશન સર્ટીફીકેટ અત્રેની યુનિવર્સિટી ખાતે અસલ જમા કરાવી ફાઈનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (એફ.ઈ.સી.) મેળવી લેવાનું રહેશે અન્યથા ૪૫ દિવસ બાદ ફાઈનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (એફ.ઈ.સી.) મેળવવા માટે વિદ્યાર્થીએ રૂ. ૫૦૦/– દંડાત્મક ફી ભરવાની રહેશે તેમજ ૯૦ દિવસ બાદ ફાઈનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (એફ.ઈ.સી.) મેળવવા માટે વિદ્યાર્થીએ રૂ.૧૦૦૦/– દંડાત્મક ફી ભરવાની રહેશે જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

કુલસચિવ

બીડાણ :–

વિદ્યાર્થીઓએ પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (પી.ઈ.સી.) માટે ઓનલાઈન ફોર્મ તથા ફી ભરવા અંગેના સૂચનો

પ્રતિ,

૧) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ

૨) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

૩) માન્ય સંસ્થાના વડાઓ

નકલ સાદર રવાના :–

માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :–

૧) હિસાબી વિભાગ

૨) પરીક્ષા વિભાગ

૩) આઈ.ટી. સેલ. (વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા તથા જરૂરી કાર્યવાહી અર્થે)

Provisional Eligibility Certificate (P.E.C.)

વર્ષ ૨૦૨૬-૨૦૨૭

Rules and Regulations for Online Application Form

1) શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે જે વિદ્યાર્થીઓને પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવાનું છે તેના માટેના નિયમો/સૂચનાઓ વગેરે યુનિવર્સિટીની વેબસાઈટ https://bknmu.edu.in પર અપલોડ કરવામાં આવશે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

2) પી.ઈ.સી. માટેનું ફોર્મ ક્યારે ભરવું? તેમજ અન્ય કોઈ વિગત માટે અલગથી પૂછપરછ કરવી નહીં યુનિવર્સિટીની વેબસાઈટ પર ફોર્મ ભરવા અંગેની વિગત નિર્ણય થયે મૂકવામાં આવશે.

3) જે વિદ્યાર્થીઓએ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી / ગુજરાત બોર્ડમાંથી છેલ્લે અભ્યાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવાનું રહેતું નથી, તેમ છતાં શરતચુકથી જો પી.ઈ.સી. માટેનું ફોર્મ ઓનલાઈન પેમેન્ટ સાથે ભરેલ હશે તો તે માટેની ફી રિફંડ થઈ શકશે નહીં.

4) અન્ય માન્ય યુનિવર્સિટી / બોર્ડમાંથી આ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવતા પહેલા પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ (પી.ઈ.સી.) લેવું ફરજીયાત છે.

5) પી.ઈ.સી. માટેના આવેદન પત્ર વિદ્યાર્થી વેબપોર્ટલ https://admission.bknmuerp.in/PECApplicationformમાં જઈ સ્ટુડન્ટ કોર્નર ટૅબ માંથી Apply For PEC લિન્ક પરથી ભરી શકશે, તેમજ તે અંગેનું પેમેન્ટ પણ ઓનલાઇન જ કરવાનું રહેશે. અન્ય કોઈપણ પ્રકારનાં માધ્યમ દ્વારા ફી સ્વીકારવામાં આવશે નહિ. ફી એકવાર ભર્યા પછી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી કે ભવિષ્યના હેતુ માટે અનામત રાખવામાં આવશે નહિ.

6) પી.ઈ.સી. અંગેની પ્રક્રિયા ઓનલાઈન હોય, વિદ્યાર્થી પાસે વેલીડ ઈ-મેઈલ આઈ.ડી. હોવું ફરજીયાત છે. અન્યથા પ્રમાણપત્ર મળી શકશે નહિ. પી.ઈ.સી. ફોર્મમાં વિદ્યાર્થીએ મોબાઇલ નંબર તથા ઈ-મેઇલ આઈડી સ્પષ્ટ દર્શાવવા, અન્ય કોઈનો મોબાઇલ નંબર કે ઈ-મેઇલ આઈડી જો ફોર્મમાં દર્શાવેલ હશે તો ફોર્મ સબમિટ થયા બાદ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ અંગેની સઘળી જવાબદારી પી.ઈ.સી. ફોર્મ ભરનાર સંબંધિત વિદ્યાર્થીની રહેશે.

7) પી.ઈ.સી. ફોર્મ સાથે જરૂરી આધારો અપલોડ કરવા ફરજીયાત છે. આધારો અપલોડ ન કરેલ કે અધૂરા જોડેલ અથવા ખોટા આધારો અપલોડ કર્યેથી પી.ઈ.સી. અત્રેથી જારી ન થાય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની રહેશે તેમ જ તે માટેની ફી રિફંડ થઈ શકશે નહીં. આ અંગે યુનિવર્સિટીની કોઈ જ જવાબદારી રહેશે નહીં.

8) પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ અંગેની ફી રૂ. ૧૫૦/- નિયત કરવામાં આવેલ છે. ફી એકવાર ભર્યા પછી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

9) વિદ્યાર્થીએ ફોર્મ તથા ફી ભર્યેથી કામકાજના દિવસ 3 દરમ્યાન વિદ્યાર્થીએ ફોર્મ ભરતા સમયે જે ઈ-મેઈલ આઈડી દર્શાવેલ હશે તે ઈ-મેઇલ આઈડી માં ડિજિટલ નકલ ઈસ્યુ કરવામાં આવશે. જેથી વિદ્યાર્થીએ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ માટે યુનિવર્સીટી ખાતે આવવાનું રહેતું નથી.

10) જો કોઈ તકનીકી કે આકસ્મિક કારણો નહીં હોય તો પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ જેટલું શક્ય હશે તેટલું વહેલું આપવામાં આવશે.

11) ફોર્મ સબમિટ/સેવ અને પેમેન્ટ કર્યા પછી તે ફોર્મની પેમેન્ટ રીસીપ્ટ ની પ્રિન્ટ સાચવી રાખવી જરૂરી છે.

12) જો વિદ્યાર્થીને સફળતાપૂર્વક ફીની ચુકવણી બાદ પણ ચલણ ન બતાવતા હોય તો તેવા વિદ્યાર્થીઓએ ફરીથી પેમેન્ટ ના કરવું તેમજ ફી ભર્યેથી ૨૪ કલાક (૧ દિવસ) સુધી રાહ જોવી. ૨૪ કલાક (૧ દિવસ) બાદ ફરીથી એક વાર પોતાનું ફોર્મ ઓપન કરી ને જોવું જો તે સમયે પણ ફી ભર્યાનું ચલણ ન બતાવે તો તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના મેઈલ આઇડી pecbknmu@gmail.com પર કામકાજ ના દિવસ દરમ્યાન મેઈલ કરવો. મેઈલ કરતી વખતે વિદ્યાર્થીઓએ પોતાનું નામ, સરનામું, મોબાઇલ નંબર તેમ જ સફળતાપૂર્વક ફીની ચુકવણી કરેલ છે તેના આધાર પુરાવા સાથે જોડવાના રહેશે.

13) જે વિદ્યાર્થીઓના પી.ઈ.સી. ફોર્મમાં **Payment Success** થયેલ હશે તેને જ પી.ઈ.સી. ઈશ્યુ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. પી.ઈ.સી. માટેનું ફોર્મ સબમિટ થયા બાદ વિદ્યાર્થીના શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ થી વિદ્યાર્થીને પી.ઈ.સી. ઈ-મેઇલમાં ડિજિટલ નકલ ઈસ્યુ કરવામાં આવશે, જે નકલ વિદ્યાર્થી દ્વારા જે તે કોલેજમાં પ્રવેશ માટે રજૂ કરવાની રહેશે તેમજ કોલેજ દ્વારા તે પી.ઈ.સી. ની ડિજિટલ પ્રિન્ટને માન્ય રાખી પ્રવેશ અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

14) કોલેજ ખાતે પી.ઈ.સી. જમા કરાવતી વખતે તમામ અસલ ડોકયુમેન્ટ સાથે રાખવા જરૂરી છે. તમામ અસલ ડોકયુમેન્ટની ચકાસણી કરવાની જવાબદારી કોલેજની રહેશે. જો કોલેજને વિદ્યાર્થી દ્વારા રજૂ કરવામાં આવેલ ડોકયુમેન્ટમાં શંકા જણાય તો સત્વરે એકેડેમીક વિભાગનો સંપર્ક કર્યા બાદ જ અને ખરાઈ કર્યા બાદ જ પ્રવેશ અંગેની કાર્યવાહી કરવી. વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ખાતે કોઇપણ સંજોગોમાં મોકલવા નહી.

15) પી.ઈ.સી. સાથે અપલોડ કરવાના ડોક્યુમેન્ટની યાદી નીચે મુજબ છે:
   a) અન્ય યુનિવર્સિટી / બોર્ડમાંથી જે કોર્સ (પરીક્ષા)ના આધારે પી.ઈ.સી. કાઢવાનું થતું હોય તે કોર્સ (પરીક્ષા)ની માર્કશીટ (જો માર્કશીટની ઓનલાઈન (વેબ) કોપી હોય તો જે તે શાળા ના પ્રિન્સીપાલ ના સહી સિક્કા વાળી કોપી જોડવી)
   b) ધોરણ- ૧૨ ની માર્કશીટ (જો માર્કશીટની ઓનલાઈન (વેબ) કોપી હોય તો જે તે શાળા ના પ્રિન્સીપાલ ના સહી સિક્કા વાળી કોપી જોડવી)
   c) શાળા છોડયાનું પ્રમાણપત્ર
   d) સમકક્ષતાનું પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો)
   e) સ્નાતક કક્ષાની છેલ્લા સેમેસ્ટરની માર્કશીટ (જો માર્કશીટની ઓનલાઈન (વેબ) કોપી હોય તો જે તે કોલેજના પ્રિન્સીપાલ ના સહી સિક્કા વાળી કોપી જોડવી) (જો લાગુ પડતું હોય તો)
   f) અનુસ્નાતક કક્ષાની છેલ્લા સેમેસ્ટરની માર્કશીટ (જો માર્કશીટની ઓનલાઈન (વેબ) કોપી હોય તો જે તે કોલેજના પ્રિન્સીપાલ ના સહી સિક્કા વાળી કોપી જોડવી) (જો લાગુ પડતું હોય તો)
   g) જો એજ્યુકેશનલ ગેપ હોય તો સ્વ પ્રમાણિત બાંહેધરી પત્રક (જો લાગુ પડતું હોય તો)
   h) જો વિદ્યાર્થી સરકારી કર્મચારી હોય તો નોકરીદાતા તરફથી NOC પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો)

- જો એજ્યુકેશનલ ગેપ હોય તો સ્વ પ્રમાણિત બાંહેધરી પત્રક, Ph.D. ના વિદ્યાર્થીઓ માટે Approval Letter Format from Guide તથા LLB ના વિદ્યાર્થીઓ માટે Affidavit for Age, વિદ્યાર્થીએ ઓનલાઈન ફોર્મ તથા ફી ભરવા અંગેની માર્ગદર્શિકા વિદ્યાર્થીએ રજૂ કરવા અર્થે પત્ર નો નમૂનો નીચેના જોડાણ મુજબ છે.

16) ધોરણ -૧૨ પાસ પછીના કોર્સ (After 12th Pass Course)

Sr No.	Course Name	સાથે જોડવાના(અપલોડ) કરવાના ડોકયુમેટ Online Attached Document (Uploading) in PEC Form
1	BA/BA(HS)/BCom/BBA/BSW/BCA/BRS/ BSc/BSc(HS)/BSc(IT)/BSc(FS) Semester-1	**(1)** 10th (SSC) Marksheet **(2)** 12th (HSC) Marksheet **(3)** School Leaving Certificate **(4)** SC/ST/SEBC/EWS Cast Certificate **(5)** NOC Letter form Employer (If Govt. Employee)

❖ જે તે કોર્સ માં એડમિશન મેળવવા માટે છેલ્લે અભ્યાસ કરેલ માર્કશીટ અપલોડ કરવી (જોડવી) ફરજિયાત છે.

17) ગ્રેજ્યુએટ પાસ પછીના કોર્સ (After Bachelor Degree Pass)

Sr No.	Course Name	સાથે જોડવાના(અપલોડ) કરવાના ડોકયુમેટ Online Attached Document (Uploading) in PEC Form
1	MA/MA(ECO)/MA(ENG)/MA(GUJ)/ MA(HIN)/MA(HIS)/MA(PSY) /MA(PHI)/MA(SAN)/MA(SOC)/ MA(HS)/MSc/MSc(HS)/MSc(FS)/ MSc(IT&CA)/MSc(BOT)/MSc(CHEM) /MSc(MATHS)/MSc(MICRO)/ MSc(PHY)/MSc(ZOO)/MSW/MCom/ MRS	**(1)** School Leaving Certificate **(2)** Graduate Marksheet from relevant Subject (I.E. If a student takes admission in M.A. English his/her bachelor's must be English subject) **(3)** SC/ST/SEBC/EWS Cast Certificate **(4)** NOC Letter form Employer (If Govt. Employee)
2	PGDCA	**(1)** School Leaving Certificate **(2)** Graduate Marksheet **(3)** SC/ST/SEBC/EWS Cast Certificate **(4)** NOC Letter form Employer (If Govt. Employee)
3	B.Ed.	**(1)** School Leaving Certificate **(2)** Eligible for PEC Course Marksheet (Graduate Marksheet OR Master Marksheet) **(3)** SC/ST/SEBC/EWS Cast Certificate **(4)** Admission Confirmation Offer Letter (GCAS) **(5)** Minimum 45% for ST, SC, SEBC Category Students **(6)** Minimum 50% for Open Category Students **(7)** NOC Letter form Employer (If Govt. Employee)
4	M.Ed.	**(1)** School Leaving Certificate **(2)** Eligible for PEC Course Marksheet (B.Ed. Final Marksheet) **(3)** SC/ST/SEBC/EWS Cast Certificate **(4)** Admission Confirmation Offer Letter (GCAS) **(5)** Minimum 45% for ST, SC, SEBC Category Students **(6)** Minimum 50% for Open Category Students **(7)** NOC Letter form Employer (If Govt. Employee)
5	LL. B	**(1)** School Leaving Certificate **(2)** Eligible for PEC Course Marksheet (Graduate Marksheet OR Master Marksheet) **(3)** Attach Affidavit for Age more than 30 years for Other Students (Please check Annexure-III for your reference) **(4)** Attach Affidavit for Age more than 35 years for ST/SC Category Students (Please check Annexure-III for your reference) **(5)** SC/ST/SEBC/EWS Cast Certificate **(6)** Minimum 40% for ST, SC Category Students **(7)** Minimum 42% for SEBC Category Students **(8)** Minimum 45% for Open Category Students **(9)** NOC Letter form Employer (If Govt. Employee) **(10)** Admission Confirmation Offer Letter (GCAS)

6	LLM	**(1)** School Leaving Certificate **(2)** Eligible for PEC Course Marksheet (LL.B. Final Marksheet) **(3)** SC/ST/SEBC/EWS Cast Certificate **(4)** Minimum 45% for ST, SC, SEBC Category Students **(5)** Minimum 50% for Open Category Students **(6)** NOC Letter form Employer (If Govt. Employee) **(7)** Admission Confirmation Offer Letter (GCAS)
7	Ph.D.	**(1)** School Leaving Certificate **(2)** Eligible for PEC Course Marksheet (Graduate and Master / M.Phil. Marksheet) **(3)** SC/ST/SEBC/EWS Cast Certificate **(4)** Approval Letter with Guide, Stamp and Signature (only for PhD Student) (Please check Annexure-II for your reference) **(5)** NOC Letter form Employer (If Govt. Employee)

❖ જે તે કોર્સ માં એડમિશન મેળવવા માટે છેલ્લે અભ્યાસ કરેલ માર્કશીટ અપલોડ કરવી (જોડવી) ફરજિયાત છે.

18) ડિપ્લોમા પાસ પછીના ડિગ્રી કોર્સ (After Diploma To Degree Course)

Sr No	Course Name	સાથે જોડવાના(અપલોડ) કરવાના ડોકયુમેટ **Online Attached Document (Uploading) in PEC Form**
1	BA/BA(HS)/BCom/ BSW/BBA/BCA/BRS/BSc/ BSc(HS)/BSc(IT)/BSc(FS) Semester-3	**(1)** Diploma Last Pass Marksheet **(2)** Diploma Degree Certificate **(3)** SC/ST/SEBC/EWS Cast Certificate **(4)** 10th (SSC) Marksheet **(5)** 12th Equivalent Certificate by Relevant Board **(6)** School Leaving Certificate **(7)** NOC Letter form Employer (If Govt. Employee)

❖ જે તે કોર્સ માં એડમિશન મેળવવા માટે છેલ્લે અભ્યાસ કરેલ માર્કશીટ અપલોડ કરવી (જોડવી) ફરજિયાત છે.

19) આઈ.ટી.આઈ પાસ પછીના ડિગ્રી કોર્સ (After ITI To Degree Course)

Sr No	Course Name	સાથે જોડવાના(અપલોડ) કરવાના ડોકયુમેટ **Online Attached Document (Uploading) in PEC Form**
1	BA/BA(HS)/BCom/BSW/BBA/BCA/BRS/BSc/ BSc(HS)/BSc(IT)/BSc(FS) Semester-1	**(1)** ITI Last Pass Marksheet **(2)** ITI Degree Certificate **(3)** SC/ST/SEBC/EWS Cast Certificate **(4)** 10th (SSC) Marksheet **(5)** English Subject pass Marksheet in 12th (HSC) **(6)** 12th Equivalent Certificate by Relevant Board **(7)** School Leaving Certificate **(8)** NOC Letter form Employer (If Govt. Employee)

20) મેડિકલ પેરા મેડિકલ કોર્સ (Medical / Para Medical)

Sr No	Course Name	સાથે જોડવાના(અપલોડ) કરવાના ડોકયુમેટ **Online Attached Document (Uploading) in PEC Form**
1	MBBS	**(1)** 10th (SSC) Marksheet **(2)** 12th (HSC) Marksheet **(3)** School Leaving Certificate **(4)** SC/ST/SEBC/EWS Cast Certificate **(5)** NOC Letter form Employer (If Govt. Employee) **(6)** Education Gap Self Declaration _(If Any) **(7)** Provisional Admission Order

2	B.Sc. (Nursing)	**(1)** 10th (SSC) Marksheet **(2)** 12th (HSC) Marksheet **(3)** School Leaving Certificate **(4)** HSC (B Group Minimum 45% for Open Category & 40% for ST, SC, SEBC Category Students) **(5)** SC/ST/SEBC/EWS Cast Certificate **(6)** NOC Letter form Employer (If Govt. Employee) **(7)** Education Gap Self Declaration _(If Any) **(8)** Provisional Admission Order
3	Post Basic B.Sc. (Nursing)	**(1)** 10th (SSC) Marksheet **(2)** 12th (HSC) Marksheet **(3)** GNM Marksheet **(4)** GNM Registration Certificate. **(5)** School Leaving Certificate **(6)** SC/ST/SEBC/EWS Cast Certificate **(7)** NOC Letter form Employer (If Govt. Employee) **(8)** Education Gap Self Declaration _(If Any) **(9)** Provisional Admission Order
4	DMLT	**(1)** B.Sc Passed with (Micro-Biology/ Bio-Chemistry/ Chemistry / Zoology / Botany / Bio-Technology/ Genetics/ Medical Lab. Technology/Clinical Lab. Technology / Home Science (Food & Nutrition)) /B.Pharm/MBBS/BAMS/BHMS Final Marksheet (Minimum 45%) **(2)** School Leaving Certificate **(3)** SC/ST/SEBC/EWS Cast Certificate **(4)** Education Gap Self Declaration _(If Any)
5	M.Sc. (Nursing)	**(1)** B.Sc (Nursing)/ B.Sc (Hons. Nursing)/Post Basic B.Sc (Nursing) with 55% aggregate Marks. 50% aggregate Marks for SC/ST Category. **(2)** Experience Certificate. (Minimum One year of Experience after B.Sc (Nursing) &)/Post Basic B.Sc (Nursing)) **(3)** School Leaving Certificate **(4)** SC/ST/SEBC/EWS Cast Certificate **(5)** Education Gap Self Declaration _(If Any)
6	BPT	**(1)** 10th (SSC) Marksheet **(2)** 12th (HSC) Marksheet (B Group Passed with Physics, Chemistry & Biology) **(3)** School Leaving Certificate **(4)** SC/ST/SEBC/EWS Cast Certificate **(5)** Education Gap Self Declaration _(If Any) **(6)** Provisional Admission Order
7	BHMS	**(1)** 10th (SSC) Marksheet **(2)** 12th (HSC) Marksheet (B Group Passed with Physics, Chemistry & Biology) **(3)** School Leaving Certificate **(4)** SC/ST/SEBC/EWS Cast Certificate **(5)** Education Gap Self Declaration _(If Any) **(6)** Provisional Admission Order

- જે તે કોર્સ માં એડમિશન મેળવવા માટે છેલ્લે અભ્યાસ કરેલ માર્કશીટ અપલોડ કરવી (જોડવી) ફરજિયાત છે.
- જરૂર પડે તો ફોર્મ સાથે અન્ય ડોકયુમેન્ટ પણ રજૂ કરવાના રહેશે.

21) વિદ્યાર્થીના પી.ઈ.સી. ફોર્મની ચકાસણી એકેડેમીક વિભાગ દ્વારા કરવામાં આવશે અને નીચે દર્શાવ્યા મુજબની

કાર્યવાહી કરવામાં આવશે:

a) જો કોઈ વિદ્યાર્થી અગર સીધા જ સેમેસ્ટર-૩ માં પ્રવેશ લેવા માંગે છે તો તેમણે અગાઉના એટલે કે સેમેસ્ટર-૧ થી ૨ ફરજીયાત પાસ હોવા જરૂરી છે.

b) જો કોઈ વિદ્યાર્થી અગર સીધા જ સેમેસ્ટર-૫ માં પ્રવેશ લેવા માંગે છે તો તેમણે અગાઉના એટલે કે સેમેસ્ટર-૧ થી ૪ ફરજીયાત પાસ હોવા જરૂરી છે.

c) ધો. ૧૦ પાસ કર્યા પછીના ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષના ડિપ્લોમા કોર્ષ પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને BA, BCom, BCA, BSc, BSc (IT), BSc (HS), BRS, BSW ના ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ આપવાનો રહેશે જેના માટે વિદ્યાર્થીએ પી.ઈ.સી. મેળવવું ફરજિયાત છે.**(BCA/ BSc (IT) સેમેસ્ટર-૩ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ડિપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર સાયન્સ કોર્ષ સાથે પાસ કરેલ હોવું જોઈએ.)**

d) ધો. ૧૦ પાસ કર્યા પછી બે કે તેથી વધુ વર્ષનો આઈ.ટી.આઈ., એન.સી.વી.ટી., જી.સી.વી.ટી. ની પરીક્ષા પાસ કરેલ હોય અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામિનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને BA, BCom, BBA, BCA, BSc, BSc (IT), BSc (HS), BRS, BSW નાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ આપવાનો રહેશે જેના માટે પી.ઈ.સી. લેવાનું રહેશે જેની ખાસ નોંધ લેશો.

e) વિદ્યાર્થીએ છેલ્લે અભ્યાસ ફોરેન યુનિવર્સિટીમાંથી કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ Association of Indian Universities (A.I.U.) માંથી સમકક્ષતા પ્રમાણપત્ર મેળવી તે રજૂ કરવાનું રહેશે.
(www.aiu.ac.in → Equivalence → Equivalence of Degree)

22) વિદ્યાર્થી દ્વારા જે કોર્સ માટે પી.ઈ.સી. મેળવેલ હોય તે કોર્ષ ને બદલે અન્ય કોર્સમાં જો પ્રવેશ મેળવવાનો હોય તો તે માટે અગાઉ મેળવેલ ઓરિજનલ પી.ઈ.સી. એકેડેમીક વિભાગમાંથી રદ કરાવવાનું રહેશે અને તે ફી રિફંડ મળવાપાત્ર નથી તેમજ ત્યારબાદ અન્ય કોર્સ માટે પી.ઈ.સી. ફોર્મ ભરવાનું રહેશે. તેમજ ફોર્મમાં દર્શાવેલ કોલેજ સિવાયની અન્ય કોલેજમાં પ્રવેશ મેળવે તો તે અંગેની પણ લેખિતમાં જાણ પી.ઈ.સી. ની નકલ સામેલ રાખી એકેડેમીક વિભાગમાં કરવાની રહેશે.

23) વિદ્યાર્થીએ પી.ઈ.સી. મેળવ્યા બાદ કોઈપણ કારણોસર પ્રવેશ મેળવેલ ન હોય તો તેવા સંજોગોમાં મેળવેલ ઓરિજનલ પી.ઈ.સી. એકેડેમીક વિભાગમાં જમા કરાવવાનું રહેશે તેમજ તે માટે ભરેલ ફી રિફંડ મળી શકશે નહીં.

24) પી.ઈ.સી. મેળવનાર વિદ્યાર્થીને પી.ઈ.સી. કાઢયાની તારીખથી ૪૫ દિવસની અંદર યુનિવર્સિટી એકેડેમીક સેલમાં જે તે કોલેજ માં પ્રવેશ મેળવવા સમયે ભરેલ ફી ની રીસીપ્ટ, ઓરિજનલ માઈગ્રેશન સર્ટિફિકેટ તથા પી. ઈ. સી. ની નકલ રજૂ કરી ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવી લેવાનું રહેશે.

25) જે યુનિવર્સિટી / બોર્ડમાં અરજદાર છેલ્લે અભ્યાસ કર્યો હોય તે યુનિવર્સિટી / બોર્ડના રજીસ્ટ્રાર / મંત્રીશ્રીનું આ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કરવાની પરવાનગી આપેલ છે તે બાબતનું પ્રમાણપત્ર ((માઈગ્રેશન સર્ટિફિકેટ)અસલ પ્રમાણપત્ર) પાછું આપવામાં આવશે નહીં.

26) માઈગ્રેશન સર્ટિફિકેટ જમા કરાવવા અંગેની સૂચના:

a) જે વિદ્યાર્થી પી.ઈ.સી. મેળવે તેઓએ અગાઉના બોર્ડ/યુનિવર્સિટીનું ઓરિજનલ માઈગ્રેશન સર્ટિફિકેટ એકેડેમીક વિભાગમાં જમા કરાવવું ફરજિયાત છે જેના માટેની ફી ની વિગત નીચે મુજબ છે:

   i. પી.ઈ.સી. કાઢયાની તારીખથી ૪૫ દિવસ સુધીમાં ઓરિજનલ માઈગ્રેશન સર્ટિફિકેટ જમા કરવવામાં આવ્યે કોઈ ફી લેવામાં આવશે નહીં.

   ii. પી.ઈ.સી. કાઢયાની તારીખથી ૪૫ દિવસ બાદ અને ૯૦ દિવસ સુધીમાં ઓરિજનલ માઈગ્રેશન સર્ટિફિકેટ જમા કરાવવામાં આવશે તો તે માટે લેટ ફી રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો) જમા કરાવવાના રહેશે, ત્યારબાદ તેને એફ.ઈ.સી. ઈસ્યૂ કરવામાં આવશે.

iii. પી.ઈ.સી. કાઢયાની તારીખથી ૯૦ દિવસ બાદ જો ઓરિજનલ માઈગ્રેશન સર્ટિફિકેટ જમા કરાવવામાં આવે તો પેનલ્ટી ફી રૂ ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર) જમા કરવવાના રહેશે, ત્યારબાદ તેને એફ.ઈ.સી. ઈસ્યૂ કરવામાં આવશે.

27) વર્ષ ૨૦૨૬-૨૦૨૭ થી જે વિદ્યાર્થીઓ પી.ઈ.સી. મેળવે તેવા વિદ્યાર્થીઓએ ઓરિજનલ માઈગ્રેશન સર્ટિફિકેટ તેમજ જે વિદ્યાર્થીઓને માર્કશીટ વેરિફિકેશનનો આધાર રજૂ કરવાનો થતો હોય તેવા વિદ્યાર્થીઓ દ્વારા જ્યાં સુધી એફ.ઈ.સી. મેળવવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં નહીં આવે ત્યાં સુધી તેમનું પરિણામ અનામત રાખવામાં આવશે.

28) યુનિવર્સિટી દ્વારા વખતો વખત કોઈ ફેરફાર કરવામાં આવે તે વિદ્યાર્થીને તેમજ કોલેજને બંધનકર્તા રહેશે.

29) ફાઇનલ એલિજિબિલિટી સર્ટી મેળવવા માટે નીચે મુજબના ડોક્યુમેન્ટ સાથે લાવવા ફરજીયાત છે.

(૧) જે યુનિવર્સિટી/બોર્ડમાં અભ્યાસ કરેલ હોય ત્યાંથી માઇગ્રેશન કઢાવી અહીની યુનિવર્સિટીમાં ઓરીજનલ માઇગ્રેશન જમા કરાવવું.

(૨) અન્ય યુનિવર્સિટી/બોર્ડમાં અભ્યાસ કરેલ હોય ત્યાંથી માઇગ્રેશન ડીઝીટલ માધ્યમમાં (ઇમેઇલ નકલ) હોય તેમાં ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો ઉલ્લેખ ન હોય તો (માઇગ્રેશન સર્ટીફિકેટનો અન્યત્ર ઉપયોગ ન કરવા અંગેનો) સેલ્ફ ડીકલેરેશન રજુ કરવાનું રહેશે.

(૩) જે કોલેજમાં એડમિશન લીધેલ છે તે કોલેજમાં ફી ભર્યાની પહોંચની ઝેરોક્ષ (જેમાં કોલેજના નામનો સ્પષ્ટ ઉલ્લેખ હોય).

(૪) અહીંની યુનિવર્સિટીમાંથી મેળવેલ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીની ઝેરોક્ષ.

ખાસ નોંધ:

વર્ષ ૨૦૨૬-૨૦૨૭ થી પી.ઈ.સી. માટે વિદ્યાર્થીએ યુનિવર્સિટી કક્ષાએ આવવાનું રહેશે નહીં, વિદ્યાર્થીને પી.ઈ.સી. ઈ-મેઇલમાં ડિજિટલ નકલ ઈસ્યુ કરવામાં આવશે જેની પ્રિન્ટ મેળવી વિદ્યાર્થીએ પ્રવેશ અંગેની કાર્યવાહી કરવાની રહેતી હોય જ્યારે વિદ્યાર્થી દ્વારા પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવામાં આવે ત્યારે મોબાઇલ નંબર અને ઈ-મેઈલ આઈડી સ્પષ્ટ દર્શાવવાના રહેશે, કોલેજના સ્ટાફનો કે કોલેજનો કે અન્ય કોઈના મોબાઇલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. ફોર્મમાં દાખલ કરવા નહીં, ફોર્મ સબમિટ થયા બાદ કોઈ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

30) પી.ઈ.સી. ફોર્મ ભરતા સમયે કોઈ ટેકનિકલ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે માટે યુનિવર્સિટીના ફોન નં.: ૦૨૮૫-૨૬૮૧૪૦૦ પર અથવા ઈ-મેઈલ આઇડી pecbknmu@gmail.com પર કામકાજ ના દિવસો દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.

31) પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (પી.ઈ.સી.) અને ફાઇનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (એફ.ઈ.સી.) મેળવ્યા બાદ કોઈપણ કારણોસર ભવિષ્યમાં રદબાતલ કરવાનું થશે તો વિદ્યાર્થી દ્વારા આપવામાં આવેલ તમામ પરીક્ષાઓ, ડિગ્રી તેમજ અન્ય તમામ સર્ટિફિકેટ રદ કરવા અંગેનો આખરી નિર્ણય કરવાનો અધિકાર યુનિવર્સિટીને અબાધિત રહેશે જે વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

32) ફોડ માર્કશીટ / ફોડ બોર્ડ / ફોડ માઈગ્રેશન સર્ટિફિકેટ / ફોડ માર્કશીટ વેરિફિકેશન અંગેનો જે તે બોર્ડ / યુનિવર્સિટીનો પત્ર કોઈ વિદ્યાર્થીનો માલૂમ પડશે તો તેને આપવામાં આવેલ પી.ઈ.સી. તાત્કાલિક રદ કરવામાં આવશે તેમ જ તે અંગે ભવિષ્યમાં કોઈ કાનૂની કાર્યવાહી થાય તો તેની તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે અને તેના માટે યુનિવર્સિટી સામે કોઈ દાવો માંડી શકશે નહીં.

Annexure-I

Educational Gap

Self-Declaration

નામ:

સરનામું:

મોબાઈલ નંબર:

તારીખ:

<u>બાંહેધરી પત્રક</u>

આથી હું _____ આ સાથે બાંહેધરી આપું છું કે, મેં પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ (પી.ઈ.સી.) મેળવવા માટે મારી માર્કશીટ તથા જરૂરી પ્રમાણપત્રો આ સાથે આપેલ છે, તે પ્રમાણપત્રોની ખરાય કરતા કોઈપણ પ્રમાણપત્ર વાંધાજનક સાબિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે. તથા મેં લીધેલ એડમીશન કોલેજ / યુનિવર્સીટી માંથી રદ કરી કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે તો તેનો હું સ્વીકાર કરીશ. મેં વર્ષ _____ પછી કોઈ પણ અભ્યાસક્રમમાં / અન્ય યુનિવર્સીટીમાં પ્રવેશ લીધેલ નથી.

_____

આપનો વિશ્વાસુ

Annexure-II

Approval Letter Format from Guide

(Only for Ph.D. Student)

Mr./Mrs./Ms. _____is admitted in _____ Class on [date]_____. The reason for issuing eligibility certificate as a special case after the expiry of one month from the beginning of concerned Academic Term are as under.

_____

_____

_____

_____

_____

_____

_____

The University will not be responsible for any situations, if arises in future in respect of the appearance at the examination, due to incomplete attendance of the above student.

Date: _____

Rubber Stamp of the College or the University Department

_____

Signature of the Principal-Head [College]University Department

Or

_____

_

Signature of the Guide [For Ph.D. Students]

Annexure-III

:: સોગંદનામું ::

(Only for LLB Students)

આથી હું આ નીચે સહી કરનાર_____

ઉ.વ. આ._____ રહે.

_____તે આથી, મારી સત્ય અને ધર્મ પ્રતિજ્ઞા જાહેર કરું છું કે, સેમેસ્ટર-૧ એલ.એલ.બી. માં એડમિશન લેવા માટે અરજી કરેલ છે.

લીગલ એજ્યુકેશન રૂલ્સ ૨૦૦૮ દ્વારા એલ.એલ.બી. ના કોર્સ માટે બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા તા. ૨૭/૦૩/૨૦૦૯ ના ચોક્કસ વયમર્યાદા જેમાં મહત્તમ વયમર્યાદા જનરલ કેટેગરી માટે ૩૦ વર્ષ અને અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ માટે ૩૫ વર્ષ નક્કી કરવામાં આવેલ જે વયમર્યાદા સને ૨૦૧૩ માં દુર કરવામાં આવેલ. ત્યારબાદ તેને ફરીથી રિસ્ટોર કરવા માટે હુકમ કરવામાં આવેલ. પરંતુ વર્તમાન સમયમાં રીશભ દુગ્ગાલ અને બીજાઓ દ્વારા સુપ્રીમકોર્ટની ડીવીઝન બેન્ચના જસ્ટિસશ્રી એસ.એ.બોબુદ અને શ્રી એલ. નાગેશ્વર રાવનાઓ સમક્ષ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની મહત્તમ વયમર્યાદા નક્કી કરતાં તા. ૧૭/૦૯/૨૦૧૬ ના બીસીઆઇ/૧૫૧૯ (એલ.ઇ.સરક્યુલર)-૬ ના નોટિફિકેશનને પડકારતા નામ. સુપ્રીમકોર્ટની ડીવીઝન બેંન્ચ દ્વારા બાર કાઉન્સિલના લોના અભ્યાસ માટેની વયમર્યાદા નક્કી કરતું નોટિફિકેશન સ્ટે કરવામાં આવેલ. જે અનુસંધાને હાલમાં મને _____કોલેજમાં અભ્યાસ માટે એડમિશન આપવામાં આવેલ છે. પરંતુ હાલ કે ભવિષ્યમાં સુપ્રીમ કોર્ટ દ્વારા આ વયમર્યાદાને અનુલક્ષીને કોઈપણ ફેરફાર થશે તો તે મને કબુલ મંજુર રહેશે અને વયમર્યાદાને લઈને જે કોઈ અદાલત દ્વારા જે કોઈ નિર્ણય આવશે તે મને કબુલ મંજુર રહેશે. આ અંગે કોલેજ અને યુનિવર્સિટી જવાબદાર રહેશે નહીં.

ઉપરોક્ત તમામ હકીકત ખરી અને સત્ય હોય સોગંદ ઉપર જાહેર કરું છું.

તા. / /૨૦

*_____

Annexure-IV

વિદ્યાર્થીએ ઓનલાઈન ફોર્મ તથા ફી ભરવા અંગેની માર્ગદર્શિકા

1) સૌપ્રથમ વિદ્યાર્થીએ યુનિવેર્સિટીના વેબપોર્ટલ https://admission.bknmuerp.in/PECApplicationform માં લિન્ક પર ક્લિક કરવું.

2) ત્યારબાદ જો વિધ્યાર્થી પ્રથમ વખત Apply થતો હોય તો તેણે Have You Already Filled Online Application? માં No ઓપશન સિલેક્ટ કરવું. ત્યાબાદ Program તથા Semester જેવી વિગતો ભરી જરૂરી ડોક્યુમેન્ટ અપલોડ કરી Save & Pay બટન પર ક્લિક કરવું.



3) ત્યારબાદ વિદ્યાર્થી પેમેન્ટ ઓપશન ૧) Cards (Credit/Debit), ૨) Net Banking, ૩) Scan and Pay એમ ત્રણ વિકલ્પમાંથી ગમે તે વિકલ્પ દ્વારા ફી ની ચુકવણી કરી શકશે. અન્ય કોઈપણ પ્રકારનાં માધ્યમ દ્વારા ફી સ્વીકારવામાં આવશે નહિ.



4) જો વિદ્યાર્થીની સફળતાપૂર્વક ફીની ચુકવણી થઇ હશે તો વિદ્યાર્થીને Your Transaction Status is: Success Message આવશે તેમ જ Print Fee Receipt Button બતાવશે. જેના પર ક્લિક કરતાં વિદ્યાર્થી તેની ફીની ચલણ ની સોફ્ટ કોપી ડાઉનલોડ કરી શકશે.

5) જો વિદ્યાર્થીની સફળતાપૂર્વક ફીની ચુકવણી થઇ હશે નહી તો વિદ્યાર્થીને Your Transaction Status is: failure Message આવશે તેમ જ વિદ્યાર્થીનો એપ્લિકેશન નંબર આવશે.

6) જો વિદ્યાર્થીએ એક વાર ફોર્મ ભરેલ હોય અને ફી ભરેલ ના હોય તો Have You Already Filled Online Application? માં Yes ઓપશન સિલેક્ટ કરવું. ત્યાબાદ Pay બટન પર ક્લિક કરવું.



7) જો વિદ્યાર્થીને સફળતાપૂર્વક ફીની ચુકવણી બાદ પણ Payment Receipt ન બાતાવે તો તેવા વિદ્યાર્થીઓએ ફરી વખત Payment ના કરવું તેમ જ ૨૪ કલાક (૧ દિવસ) સુધી રાહ જોવી. ૧ દિવસ બાદ ફરી પોતાનું ફોર્મ ઓપન કરી Have You Already Filled Online Application? માં Yes ઓપશન સિલેક્ટ કરી પોતાની જરૂરી વિગતો ભરી પોતાનું ફોર્મ ઓપન કરવું. તેમાં નીચે Download Receipt પર ક્લિક કરવું જેથી વિદ્યાર્થી તેની Payment Receipt ડાઉનલોડ કરી શકશે.

❖ **ખાસ નોંધ:** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્ય બોર્ડની ૨૦૨૪ યાદી આ સાથે સામેલ છે જેને ધ્યાન માં લઇ અને કોલેજોએ એડ્મીશન ની પ્રક્રિયા કરવી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્ય બોર્ડની નવી અદ્યતન યાદી જયારે જાહેર કરવામાં આવશે ત્યારથી તેની અમલવારી કરવાની રહેશે.

પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર
પરિપત્ર-2024

કમાંક:મઉમશબ/સંશોધન/2024/2488-2536
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.20/08/2024

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજય.

વિષય:- ધો-11 માં પ્રવેશ સંદર્ભે ભારતનાં અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' મેળવવા બાબત.

સંદર્ભ :-(1) શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનો ઠરાવકમાંક:112022/93/છ, તા.07/06/2022

(2) બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર કમાંક: મઉમશબ/સંશોધન/2023/ 1776-1815 તા.19/05/2023.

(3) બોર્ડના 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' પરિપત્ર કમાંક:મઉમશબ/સંશોધન/2024/ 1017-56 તા.09/02/2024.

(4) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.07/06/2024 ની શૈક્ષણિક સમિતિના ઠરાવ કમાંક: 05/2024 અને તા. 11/07/2024અને તા.12/07/2024ની કારોબારી સમિતિના ઠરાવ કમાંક: 796/2024.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારતના અન્ય રાજય કે અન્ય બોર્ડમાંથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રજીસ્ટર થયેલ શાળાઓમાં ધો- 11 માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને સંદર્ભ(2) અને (3) દર્શિત અત્રેના પત્રો મુજબ શૈક્ષણિક વર્ષ 2023-24 માં પ્રવેશ આપવામાં આવતો હતો.

સંદર્ભ (4) દર્શિત શૈક્ષણિક સમિતિ અને કારોબારી સમિતિના ઠરાવથી કરવામાં આવેલ નિર્ણય થયા મુજબ પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ બોર્ડની યાદીને અદ્યતન બનાવી કુલ 67 બોર્ડની યાદી આ સાથે સામેલ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ 67 બોર્ડની યાદી પૈકીના કમ-1 ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના અન્ય કોઈ બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નોંધાયેલ શાળામાં શાળાકીય અભ્યાસ માટે ધો-11માં પ્રવેશ આપવા માટે 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' મેળવવા માટે શાળાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીને દરખાસ્ત કરવાની રહેશે.

ઉક્ત સંદર્ભ-1 દર્શિત શિક્ષણ વિભાગના તા.07/06/2022ના ઠરાવ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974 ના વિનિયમ ક્રમાંક-12(9)(ક) માં કરેલ જોગવાઇ મુજબ "ધોરણ-11 માં પ્રવેશ સંદર્ભે ભારતના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' મેળવવા બાબતના વખતો વખતના પરિપત્રો અન્વયે 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' માટે યોગ્ય જાહેર કરવામાં આવેલ હોય તેવા બોર્ડનો વિદ્યાર્થી હોવો જોઇએ તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષય માળખા મુજબ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, તેમજ અંગ્રેજી વિષય સાથે ધોરણ-10 પાસ કરેલ હોય તો જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-11 માં પ્રવેશ આપી શકાશે". આ બાબત અન્ય બોર્ડના વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે શાળાના આચાર્યશ્રીએ ધ્યાને રાખવાની રહેશે.

આ ઉપરાંત, સંદર્ભ-1 દર્શિત શિક્ષણ વિભાગના તા.07/06/2022ના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974 ના વિનિયમ ક્રમાંક-12(9)(ક) માં કરેલ જોગવાઇ મુજબ "ઓપન સ્કુલ તરીકે સમગ્ર દેશમાં NIOS નું કાર્યક્ષેત્ર હોય, NIOS સિવાયના અન્ય રાજયના OPEN બોર્ડના વિદ્યાર્થી તરીકે ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા વિદ્યાર્થી અન્ય રાજ્યના OPEN બોર્ડની ધોરણ-10 ની પરીક્ષા ઉતીર્ણ કરે તો પણ તેને ધોરણ-11 માં પ્રવેશ માટે યોગ્ય ગણાય નહિ, કારણ કે અન્ય રાજ્યના OPEN બોર્ડનું કાર્યક્ષેત્ર સંબંધિત રાજ્ય માટે જ હોય છે. જેથી OPEN બોર્ડમાં માત્ર NIOS ને જ માન્ય ગણવાનું રહેશે". જે બાબત અન્ય બોર્ડના વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે શાળાના આચાર્યશ્રીએ ધ્યાને રાખવાની રહેશે.

આ સાથે સામેલ પ્રવેશ યોગ્યતા માટે માન્ય યાદી મુજબના અન્ય બોર્ડમાંથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને શાળાએ કામચલાઉ પ્રવેશ આપ્યા બાદ સત્વરે સંબંધિત બોર્ડમાંથી તેના પ્રમાણપત્રોની ખરાઈ કરાવીને ઉક્ત વિગતો જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને રજૂ કરીને તેઓ પાસેથી 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' મેળવ્યા બાદ વિદ્યાર્થીને કાયમી પ્રવેશ આપવાનો રહેશે.

વિદ્યાર્થીને કામચલાઉ પ્રવેશ આપ્યા પછી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસેથી 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' મેળવવા અંગે દરખાસ્ત મોકલવા માટે જરૂરી કાર્યવાહી શાળાના આચાર્યશ્રીએ વિના વિલંબે પૂર્ણ કરવાની રહેશે. કેટલાક કિસ્સાઓમાં અસહ્ય વિલંબ થયાની બાબતો ધ્યાને આવેલ છે. જેથી આ વિલંબ થવાને કારણે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ન ઉદ્‌ભવે તે માટે આચાર્યશ્રીએ અંગત કાળજી રાખવાની રહેશે તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પણ પોતાને મળેલ દરખાસ્તોનો સત્વરે નિકાલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા મેળવેલ 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' શાળાના આચાર્યશ્રીએ બોર્ડની પરીક્ષાના ઓનલાઈન આવેદનપત્ર ભરતી વખતે સ્કેન કરીને જોડવાનું રહેશે. તે જ પ્રમાણે ખાનગી ઉમેદવાર તરીકે બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માગતા વિદ્યાર્થીઓએ પણ 'પ્રવેશ યોગ્યતા' માટે માન્ય કરેલ યાદીમાં સમાવિષ્ટ બોર્ડમાંથી ધો-10 કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ માટે પણ 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએથી મેળવવાનું રહેશે. આ માટે નિયમિત પરીક્ષાર્થી માટે કરેલ પ્રવિધિ કરવાની રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ ઉક્ત 67 બોર્ડની યાદી સિવાયના કોઇ બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને શાળા સીધે સીધો પ્રવેશ આપશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે. જેની નોંધ લેવી.

વિદેશમાં અભ્યાસ કરીને આવતા વિદ્યાર્થીઓ ગુજરાત બોર્ડ સંલગ્ન શાળામાં અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માંગતા હોય તેમના માટે બોર્ડના તા.24/04/2017 ના 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' પરિપત્ર અને વિનિયમોની જોગવાઈ મુજબ પ્રવેશની કાર્યવાહી કરવાની રહેશે. વિદેશમાં અભ્યાસ કરી ધો-9 થી 12 માં પ્રવેશ મેળવવા બાબતે 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' બોર્ડ કચેરીના 'સ્ટુડન્ટ સર્વિસ સેન્ટર' પરથી મેળવવાનું રહેશે.

ઉપરોક્ત વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ:- પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ ક્રમ નંબર 1 થી 67 બોર્ડની યાદી. (પરિશિષ્ટ-અ)

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
- માન.નાયબ અધ્યક્ષશ્રી ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, પરીક્ષા, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના: (જાણ સારૂં)

- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નાયબ નિયામક પરીક્ષા(સા.પ્ર. અને વિ.પ્ર.), ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- બોર્ડના તમામ સભ્યશ્રીઓ તરફ
- રાજયની તમામ રજીસ્ટર્ડ મા. અને ઉ.મા. શાળાઓના આચાર્યશ્રીઓને જાણ તથા અમલ સારૂ. (બોર્ડના મુખપત્ર માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ મારફતે)

પરિશિષ્ટ - અ

[67 Board List-2024]

ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત શાળામાં 'પ્રવેશ યોગ્યતા' માટે માન્ય કરેલ બોર્ડની યાદી:-

1	**GUJARAT SECONDARY & HIGHER SECONDARY EDUCATION BOARD** Sector 10-B, Near Old Sachivalaya, Gandhinagar-382010 Phone No: 079-23220538 E-mail: gshsebsecretary@gmail.com Website : www.gseb.org
2	**BOARD OF INTERMEDIATE EDUCATION ANDHRA PRADESH,** 2nd,3rd, & 4th floor, Room no. 114/C3 Eshwar Elite Besides Sonovision Tadepalli, Guntur-522501 Telefax: 0866-2970056 E-mail: info@bieap.co.in,dsacctsbieap@gmail.com Website: www.bieap.gov.in
3	**BOARD OF SECONDARY EDUCATION ANDHRA PRADESH** (Directorate of Government Examinations) D.No:20-124, Beside SPNRCH High School, Opp. Andhra Hospitals, Gollapudi, Vijaywada-521225 Tel : 0866-2974540,2974550 E-mail: dir.govexams@yahoo.com Website: https://www.bse.ap.gov.in
4	**ASSAM HIGHER SECONDARY EDUCATION COUNCIL** Bamunimaidam, Guwahati-781 021 Dist: Kamrup(Assam) E-mail: ahsec2@yahoo.com Website: www.ahsec.assam.gov.in
5	**BOARD OF SECONDARY EDUCATION, ASSAM** Bamunimaidam, Guwahati-781021 Fax: 0361-2550939 E-mail:boardassam@gmail.com Website – www.sebaonline.org
6	**BIHAR SCHOOL EXAMINATION BOARD** Budh Marg, Patna-800 001 Tel: 0612-2227588,2225449,2223216 E-mail:secybseb@gmail.com Website: www.biharboard.net.in
7	**CENTRAL BOARD OF SECONDARY EDUCATION** 2, Community Centre, Shiksha Kendra, Preet Vihar, Vikas Marg, Delhi – 110092 EPABX: 22509256-59 E-mail: cbsedli@nda.vsnl.net.in Website: www.cbse.nic.in, info.cbse@gov.in
8	**CHHATISGARH BOARD OF SECONDARY EDUCATION** Integrated Building, Board of Secondary Education Complex,Pension Bada, Raipur - 492001 Tel. 0771- 2437309 Fax: 0771-2429385 E-mail: ds.cgbse@gmail.in Website: www.cgbse.net
9	**COUNCIL FOR THE INDIAN SCHOOL CERTIFICATE EXAMINATIONS** Plot no. 35 & 36, Sector VI, Pushp Vihar, Saket, New Delhi -110017 E-mail: council@cisce.org Website: www.cisce.org
10	**GOA BOARD OF SECONDARY AND HIGHER SECONDARY EDUCATION** Alto Porvorim, Berdez, Goa - 403521, E-mail: chairman-gbshse.goa@nic.in, sec-gbshse.goa@nic.in Website: www.gbshse.gov.in

11	**BOARD OF SCHOOL EDUCATION HARYANA** Hansi Road, Bhiwani-127021 EPBX No – 01664-244171-76 Fax: 01664-241611 E-mail: secretary@bseh.org.in Website: www.bseh.org.in
12	**H. P. BOARD OF SCHOOL EDUCATION** Gayana Lok Parisar, Civil Lines, Dharamshala, Kangra, (H P)-176213 EPABX- 01892-242216-19, Fax: 01892- 225419, 222151, PRI Code-01892-242 E-mail: hpbose2011@gmail.com Website: www.hpbose.org Tel: 01892-242217-19
13	**THE J&K BOARD OF SCHOOL EDUCATION** Rehari Colony, Jammu-180 005 (Nov to Apr) Bemina, Bye Pass, Srinagar-190010 (May to Oct) Tel: 0191-2583601, 0194-2494264 E-mail: jsexamination_jd@jkbose.co.in E-mail: jsexamination_kd@jkbose.co.in Website : www.jkbose.nic.in
14	**JHARKHAND ACADEMIC COUNCIL, RANCHI** Gyandeep Campus, Bargawan, Namkum, Ranchi – 834010 Tel: 0651-6453342-45 Fax:0651-2261999 E-mail: secretaryjac2003@gmail.com Website: www.jac.jharkhand.gov.in
15	**GOVERNMENT OF KARNATAKA DEPTT. OF PRE-UNIVERSITY EDUCATION** 18th Cross, Sampige Road Malleswaram, Bangaluru - 560012 Fax: 080-23361852 E-mail:jdacademic@gmail.com Website: www.pue.kar.nic.in
16	**KARNATAKA SECONDARY EDUCATION EXAMINATION BOARD** 6th Cross, Malleswaram, Bangalore 560003. Fax: 080-23347670, E-mail: dpikseeb@gmail.com Website: www.kseeb.org
16(A)	**KARNATAKA SCHOOL EXAMINATION AND ASSESSMENT BOARD** 6th Cross, Sampige Road,Malleswaram, Bengaluru 560003. Email: dpikseab@gmail.com Website: www.kseab.karnataka.gov.in
17	**KERALA BOARD OF PUBLIC EXAMINATION** Pareeksha Bhawan, Poojapura, Thiruvananthapuram - 695012 E-mail:secretarylal@gmail.com Website: www.bpekerala.in
18	**BOARD OF HIGHER SECONDARY EDUCATION, KERALA** Housing Board Buildings, Santhi Nagar, Thiruvananthapuram – 695001 Tel: 0471-2323198, E-mail- jdacad@gmail.com Website: dhsekerala.gov.in
19	**MAHARASHTRA STATE BOARD OF SECONDARY AND HIGHER SECONDARY EDUCATION** S. R. No.- 832- A, Final Plot No- 178,179, Near Balchitrawani, Behind Agharkar Research Institute, Bhamburda, Shivajinagar, Pune-411004. EPABX: 020-25705000 Fax: 020-25665807 E-mail: secretary.stateboard@gmail.com Website: www.mahahsscboard.maharashtra.gov.in

20	**BOARD OF SECONDARY EDUCATION MADHYA PRADESH** Shivaji Nagar, Bhopal - 462011 Tel.: 0755 – 2550184 Fax: 0755 - 2552061, 2551499 E-mail: mpbse@mp.nic.in Website: www.mpbse.nic.in
21	**BOARD OF SECONDARY EDUCATION, MANIPUR** Babupara, Imphal – 795001 Fax: 0385-2450889, 2226770 E-mail: mani_board@yahoo.co.in
22	**COUNCIL OF HIGHER SECONDARY EDUCATION, MANIPUR** Babupara, Imphal -795001 (Manipur) E-mail: secy.cohsem-mn@nic.in Website : cohsem.nic.in
23	**MEGHALAYA BOARD OF SCHOOL EDUCATION** West Garo Hills, Tura, Meghalaya – 794001 Fax: 03651-232874 E-mail: mbosetura@rediffmail.com/academicwing@gmail.com Website : www.mbose.in
24	**MIZORAM BOARD OF SCHOOL EDUCATION** Chaltlang, P.O Ramhlan Aizawl-796012 Email: mbseoffice@gmail.com Website: www.mbse.edu.in
25	**NAGALAND BOARD OF SCHOOL EDUCATION** Upper Bayavu, Post Box 613, Kohima 797001 E-mail: nagaboard@gmail.com Website: www.nbsenl.edu.in
26	**NATIONAL INSTITUTE OF OPEN SCHOOLING** A-24-25, Institutional Area, Sector-62, NOIDA-201309 (UP), Distt. - Gautam Budh Nagar (UP) Tel: 0120-4089858 E-mail: secretary@nios.ac.in Website: www.nios.ac.in
27	**COUNCIL OF HIGHER SECONDARY EDUCATION, ODISHA** C-2(Prajnapitha) Samantapur, Bhubaneswar – 751013 E-mail: chseodisha@gmail.com Website: www.chseodisha.nic.in
28	**BOARD OF SECONDARY EDUCATION, ODISHA** Bajrakabati Road, Cuttack - 753001 E-mail : bseodishasyllabus@gmail.com Website: www.bseodisha.ac.in
29	**PUNJAB SCHOOL EDUCATION BOARD** Vidya Bhawan, Phase-8, SAS Nagar, Mohali 160062 Fax: 0172-5227423,424,425 E-mail: establishment.pseb@punjab.gov.in Website: www.pseb.ac.in
30	**BOARD OF SECONDARY EDUCATION RAJASTHAN** Jaipur Road, Ajmer 305001 (Rajasthan) PBX- 0145-2632870-73 Fax: 0145-2232869 E-mail: secretarybser@gmail.com Website: www.rajeduboard.nic.in

31	**STATE BOARD OF SCHOOL EXAMINATIONS (Sec.) & BOARD OF HIGHER SECONDARY EXAMINATIONS TAMILNADU** Directorate of Govt. Examinations, College Road, Chennai - 600006 Fax: 044 - 28203089 E-mail: directordge.tn@nic.in Website: www.dge.tn.gov.in
32	**TRIPURA BOARD OF SECONDARY EDUCATION** Pandit Nehru Complex, Gurkha Basti, P.O. Kunjaban, Agartala – 799006 Tripura (W) Tel: 0381-2322242 E-mail: tbsesecretary@gmail.com Website: www.tbse.tripura.gov.in
33	**BOARD OF SECONDARY EDUCATION, TELANGANA STATE** ChiragAli Lane, Nampally, Hyderabad - 500001 E-mail: dirgovexams.tg@gmail.com Website: www.bse.telangana.gov.in
34	**TELANGANA BOARD OF INTERMEDIATE EDUCATION(TGBIE)** **(Govt of Telangana)** Vidhya Bhawan, Nampally, Hyderabad -500001, Telangana, India E-mail: secretary-tgbie@telangana.gov.in Website : tgbie.cgg.gov.in
35	**U.P. BOARD OF HIGH SCHOOL & INTERMEDIATE EDUCATION** 9-Sarojini Naidu Marg, Allahabad- 211001. Fax: 0532-2622767 (Prayagraj), 0522-2237607 (Lucknow) E-mail: upmsp@rediffmail.com Website: www.upmsp.nic.in
36	**BOARD OF SCHOOL EDUCATION UTTARAKHAND** Directorate of School Education Uttrakhand Ram Nagar, Nainital-244715 E-mail: secy-ubse-uk@nic.in Website : www.ubse.uk.gov.in
37	**WEST BENGAL BOARD OF SECONDARY EDUCATION** Nivedita Bhawan, Block DJ-8, Sect. II, Bidhanagar, Kolkatta-700091 E-mail:- wbbse05@yahoo.co.in, dsacawbbse@gmail.com Website: www.wbbse.wb.gov.in
38	**W. B. COUNCIL OF HIGHER SECONDARY EDUCATION** Vidyasagar Bhavan, 9/2, D.J. Block, Sector-II, Salt Lake, Kolkata 700091 E-mail: wbchse@gmail.com Website: www: wbchse.nic.in
39	**WEST BENGAL BOARD OF MADRASAH EDUCATION** Maulana Abdul Kalam Azad Bhavan, DD-45, Sector-1, Salt Lake City, Kolkata-700064 E-mail: wbbme2011@gmail.com Website : www.wbbme.org
40	**THE WEST BENGAL COUNCIL OF RABINDRA OPEN SCHOOLING** Bikash Bhavan (2ndFloor, East Block), Bidhannagar, Kolkata-700091 Tele Fax: 033- 23213261, 23597711 E-mail:wbcros2006@gmail.com Website:www.wbcros.ac.in
41	**M. P. STATE OPEN SCHOOL EDUCATION BOARD, BHOPAL** School Education Department Govt. of M .P. Shivaji Nagar, Bhopal – 462011. (Madhya Pradesh). Ph. 0755-2671066-2552106 E-mail: mpsos2022@gmail.com Website : www.mpsos.nic.in

42	**CHHATISGARH STATE OPEN SCHOOL** Besides UCO Bank, Pension Bada, Taigor Nagar, Raipur – 492001 (C.G) Tel.: 07415100020, 074151100040 E-mail: cgsosraipur@gmail.com Website: www.sos.cg.nic.in
43	**RAJASTHAN STATE OPEN SCHOOL, JAIPUR** Dr. S. Radhakrishanan Shiksha Sankul Parisar, Eklavya Bhavan J.L.N. Marg Jaipur – 302015 (Rajasthan) Telefax : 0141-2705067 Email: rajasthanrsos@gmail.com Website: www.education.rajasthangov. in
44	**BANASTHALI VIDYAPITH** P.O. Banasthali Vidyapith-304022, EPABX: (01438) 228341-52 Fax. (01438) 228365, 228649 Email: info@banasthali.ac.in Website: www.banasthali.org
45	**BIHAR STATE MADRASA EDUCATION BOARD** Apex Tower, Haroon Colony, Sec- 2, Phulwari Sharif, Patna-801505 E-mail:bsmebpatna1@gmail.com Website: www.bsmeb.co.in
46	**CHHATISGARH MADARSA BOARD** Old P H.Q. Premise, Near Raj Bhawan (C.G.), Raipur- 492001. Fax: 0771- 4055708 Email: cgmb.raipur@gmail.com Website: www.cgmadarsaboard
47	**CHHATTISGARH SANSKRIT VIDYAMANDALAM, RAIPUR** Madhyamik Shiksha Mandal Parisar, Pension Bada, Raipur - 492001 Tele. Fax: 0771- 4001733 E-mail: cgsanskrit@gmail.com www: http://cgsvm.cgstate.gov.in
48	**MAHARSHI PATANJALI SANSKRIT SANSTHAN,** (Dept. of School Education, Govt. of M.P.) "Sanskrit Bhavnam" Tulsi Nagar, Second Stop Bhopal, Madhya Pradesh-462003 Tel:0755-2576209 E-mail:maharshipatanjali2014@gmail.com Web:www.mpssbhopal.org
49	**U.P BOARD OF SEC. SANSKRIT EDUCATION** Sanskrit Bhawan, 2 Shahmeena Road, Lucknow- 226003 Telefax: 0522-2253542 E-mail:upmsslucknow@gmail.com Website: www.upmssp.com
50	**DAYALBAGH EDUCATIONAL INSTITUTE (DEEMED TO BE UNIVERSITY)** Dayalbagh, AGRA-282005, (UP) Fax: 0562-2801226, Email: dbei@sancharnet.in, registrar.dei@gmail.com Website: http://www.dei.ac.in
51	**BIHAR BOARD OF OPEN SCHOOLING & EXAMINATION** Chanakya National Law University Campus, Nyaya Nagar, Mithapur, Patna-800001. Tel:0612-2385489 Email: info@bbose.org Website: www.bbose.org

52	**A.P OPEN SCHOOL SOCIETY, GOVERNMENT OF ANDHRA PRADESH** Opp. Old Bus Stand, Pareeksha Bhavan, Govt. Boy's High School(Campus), GUNTUR-522001 Amaravati (Andhra Pradesh) E-mail:diraposs@apschooledu.in, examsaposs@apschooledu.in Website: http://www.apopenschool.ap.gov.in
53	**BIHAR SANSKRIT SHIKSHA BOARD** 17, Back Harding Road, Chitkhora Pul Ke Bagal Mein, Patna- 800001 E-mail: bssbpatna17@gmail.com Website: www.bssbpat.com/bssbpat.in
54	**(a) ASSAM SANSKRIT BOARD** Kahilipara, Guwahati-781019 **(b)KUMAR BHASKAR VARMA SANSKRIT AND ANCIENT STUDIES UNIVERSITY** P.O Namati, Nalbari- 781337 Assam. Email: kbvsasun@rediffmail.com Website: www.kbvsasun.ac.in
55	**CENTRAL SANSKRIT UNIVERSITY** (formerly Rashtriya sanskrit sansthan) 56-57, Institutional Area, Janakpuri, New Delhi-110058 Tel: 011-2852979, 28521994 E-mail:centralsanskrituniversity@gmail.com Website: www.sanskrit.nic.in
56	**TELANGANA OPEN SCHOOL SOCIETY** Government of Telangana, SCERT Campus, Opp. LB Stadium "E" Gate, III Floor, Basheerbagh, Hyderabad-500001 E-mail: dirtoshyd@gmail.com Website: www.telanganaopenschool.org
57	**AMU BOARD OF SECONDARY & SENIOR SECONDARY EDUCATION** AMU, Aligarh -202002 (U.P) Fax: 0571-2700528, E-mail:registrar.amu@amu.ac.in
58	**STATE MADRASSA EDUCATION BOARD, ASSAM** 2nd floor SCERT Building, SSA Complex, Kahilipara, Guwahati- 781019 E-mail:smeba2019@gmail.com website – www.smeba.in
59	**BOARD OF VOCATIONAL HIGHER SECONDARY EDUCATION, KERALA** **(Directorate of General Education (VHSE Wing)** Housing Board Buildings, Shanti Nagar, Thiruvananthapuram - 695001 Tel. 0471-2325318 Fax: 0471-2325323 E-mail: dirvhse.dge@kerala.gov.in Website: www.vhse.kerala.gov.in
60	**UTTRAKHAND SANSKRIT SHIKSHA PARISHAD** Sanskrit Bhavan, Ranipur Jhal, Jwalapur, Haridwar-249401, Uttrakhand Tel: 0135-2101241 E-mail: uksspd@gmail.com Website: www.sanskriteducation.uk.gov.in
61	**UTTRAKHAND MADARSA EDUCATION BOARD** Minority Welfare Bhavan, B-Block, Shaheed Bhagat singh Colony, Near Student's Hostel, Adhoiwala, Dehradun-248001 (Uttrakhand) E-mail:ukmadarsaboard@gmail.com Website:www.ukmadarsaboard.org.in

62	**GURUKULA KANGRI VISHWA VIDYALAYA** (Deemed to be University) Haridwar-249404 (Uttrakhand) Post Office- Gurukula Kangri E-mail:registrar@gkv.ac.in Website: gkv.ac.in
63	**ODISHA STATE BOARD OF MADRASA EDUCATION** URDU BHAVAN, Qr. No: 3R-3/1, Unit IX (Flat), Bhubneswar-751022, ODISHA Tel. 09338892158 E-mail: osbmeodisha@gmail.com Website: www. osbme.ac
64	**RAJIV GANDHI UNIVERSITY OF KNOWLEDGE TECHNOLOGIES (RGUKT)** Basar(Village & Mandal), Nirmal Dist. Telangana State-504107 Tel. 0875-2255111 E-mail: vc@rgukt.ac.in Website: rgukt.ac.in
65	**WEST BENGAL STATE COUNCIL OF TECHNICAL & VOCATIONAL EDUCATION & SKILL DEVELOPMENT** Karigori Bhavan, 5th Floor, Plot-B/7, Action Area-III, Newtown, Rajarhat, Kolkata-700160 E-mail: caowbsctvesd@gmail.com
66	**DELHI BOARD OF SCHOOL EDUCATION** Govt. of NCT of Delhi, Govt. Sarvodaya Co-Ed Sr. Sec. School, I.P.Extension, Patparganj, Delhi-110092 Email: ddedbseadmn@gmail.com
67	**BHARTIYA SHIKSHA BOARD** Patanjali Yogpeeth, Phase-1, University of Patanjali Campus, Admin Block, Near Bahadarabad, Haridwar, Uttrakhand -249405 Email- secretary@bsb.org.in, Website: www.bsb.org.in